**Publication: Prabhat**
**Edition: Ahmedabad**

**Date: Wednesday, 16th April, 2014**

# ઈન્ડિયા ફર્સ્ટલાઈફની વર્ષ ૨૦૧૩-૧૪માં ૨૮ ટકાની વૃદ્ધિ

ઈન્ડિયા ફર્સ્ટલાઈફ ઈન્શ્યોરન્સે વર્ષ ૨૦૧૩-૧૪માં ૨૮ ટકાની વૃદ્ધિ નોંધાવી છે. ઈન્ડિયા ફર્સ્ટ લાઈફ ઈન્શ્યોરન્સના મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ ડો.પી.નંદગોપાલ દ્વારા કંપનીની સફળ કામગીરીની આ જાહેરાત કરવામાં આવી હતી.

અનિશ્ચિત આર્થિક સ્થિતિ અને વીમાક્ષેત્રના પરિવર્તિત ધારાધોરણો જેવી પરિસ્થિતિ વચ્ચે પણ કંપની સારી કામગીરી દર્શાવી શકી હતી. કંપનીનું નવું બિઝનેસ પ્રીમિયમ રૂ.૧૩૧૬ કરોડથી વધીને વર્ષ ૨૦૧૩-૧૪માં રૂ.૧૬૮૧ કરોડનું નોંધાયું છે. ડો.નંદગોપાલનાં જણાવ્યા અનુસાર 'વર્ષ ૨૦૧૩-૧૪ના અમારા પરિણામો તોફાની અને પરિવર્તનશીલ બજાર સ્થિતિને અનુકૂળ થઈને કામગીરી કરવાની અમારી નિપૂણતા દર્શાવે છે. અમારી સતત વૃદ્ધિ માટે અમારો ગ્રાહકકેન્દ્રી અભિગમ અને પ્રોસેસીસ પર ધ્યાન જેવા મુદ્દાઓ કારણભૂત છે. આ વર્ષમાં અમે વધારે ઊંડાણભર્યા બજારમાં પ્રવેશીને નવા ગ્રાહકો ઉમેરવા ધારીએ છીએ. અમે અમારી પ્રોડક્ટ અને સેવાઓનું પણ વિસ્તરણ કરીશું.'

ઈન્ડિયા ફર્સ્ટ લાઈફ ઈન્શ્યોરન્સે અંદાજે ૨૦.૪૦ લાખ માનવજીવનને આવરી લીધા અને રૂ.૬૫૦૦ કરોડથી પણ વધુ અસ્કયામતોનું સંચાલન કરે છે.

A Joint Venture of Bank of Baroda, Legal & General, Andhra Bank